સુવિચાર : હર શખ્સ દૌડતા હૈ ભીડ કી તરફ ઔર યે ભી ચાહતા હૈ કી ઉસે રાસ્તા મિલે... - વસીમ બરેલવી

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૦ | ૨૧ ડિસેમ્બર, ૨૦૧૫, સોમવાર ; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા ૨૦૧૫માં ૩૫,૨૩૬ કરોડ એકત્રિત કરાયા
- સાતમું વેતન પંચ : એક લાખ કરોડથી વધુનો બોજ પડી શકે છે
- કટિહાર-અમૃતસરના સાત કોચ પાટા પરથી ખડી પડ્યા
- BSNL દ્વારા મોબાઇલ કોલ રેટમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો
- બોંબ જેવા દેખાતા સાધન ઉપર નજર પડ્યા બાદ ૪૫૯ યાત્રીઓ સાથે એર ફ્રાન્સના વિમાનનું તાકિદે ઉતરાણ
- ઇ-ટેલ માર્કેટ કદ ૧૦૦ અબજ ડોલર સુધી જશે
- કરવેરાની જાળમાં નવા ૨૭ લાખ કરદાતાઓ
- ચેન્નાઇમાં પુરથી ૫૦ હજાર કર્મચારી બેરોજગાર થયા

# નિર્ભયા કેસ : સગીર આરોપીના છુટકારા સામે ભારે આક્રોશ

**ત્રણ વર્ષ અગાઉ ચાલતી બસમાં ગેંગરેપની કમકમાટીભરી ઘટના બની હતી : સુધાર ગૃહની અવધિ પૂરી થયા બાદ આરોપીને છોડી મુકાયો : હાલ એનજીઓની દેખરેખ હેઠળ દિલ્હીમાં રહેશે**








નવી દિલ્હી,તા.૨૦

ત્રણ વર્ષ અગાઉ દિલ્હીમાં ચાલતી બસમાં પેરામેડિકલની વિદ્યાર્થીની પર ગેંગરેપ અને ત્યારબાદ સારવાર દરમિયાન આ યુવતીનું મોત થયા બાદથી વિરોધ પ્રદર્શન અને દેખાવો વચ્ચે મુખ્ય જુવેનાઈલ અપરાધીને આજે છોડી મુકવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૨ બાદથી સુધાર ગૃહમાં રહેલા આ જુવેનાઈલ અપરાધીને આજે સજાની અવધિ પુરી થયા બાદ છોડી મુકવામાં આવ્યો હતો. તેને હવે એનજીઓની દેખરેખ હેઠળ દિલ્હીમાં રાખવામાં આવશે. સુપ્રીમ કોર્ટે તાકીદની સુનાવણી કરીને તેની મુક્તિ પર સ્ટે મુકવાની દિલ્હી કમિશન ફોર વુમન (ડીસીડબલ્યુ)ની હિલચાલ અને અરજીને ફગાવી દીધા છોડી મુકવામાં આવ્યો હતો. જસ્ટિસ એકે ગોયેલ અને યુ લલિતની બનેલી વેકેશન બેંચે આજે વહેલી પરોઢે બે વાગે સુનાવણી હાથ ધરી હતી. આ મામલામાં હવે વધુ સુનાવણી સોમવારે ચાલશે. દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે ડીસીડબલ્યુ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર તાકીદે સુનાવણી હાથ ધરાઈ હતી. શનિવારના દિવસે પણ ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. આરોપી હવે ૨૦ વર્ષનો થયો છે. શનિવારના દિવસથી ફરીવાર વિરોધ પ્રદર્શનનો દોર ચાલ્યો હોવા છતાં તેને છોડી મુકાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટનગર દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બનેલી અને સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસની હાલમાં જ વરસી પસાર થઈ છે.

આરોપીને છોડી મુકવામાં આવ્યા બાદ આ કમકમાટી ભરી ઘટનાની યાદ ફરી એકવાર તાજી થઈ છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે એક પેરા મેડીકલની વિદ્યાર્થીનીએ પોતાના ઘરે જવા માટે પોતાના મિત્રની સાથે બસની મુસાફરી કરી હતી એ જ વેળા ચાર નરાધમ શખસોએ તેના ઉપર ચાલતી બસમાં અમાનવીય રીતે ગેંગરેપ કર્યો હતો. આ બનાવમાં તે એટલા હદ સુધી ઘાયલ થઈ ગઈ હતી કે થોડાક દિવસ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ તેનું મોત થયું હતું.

# બોગસ કંપનીઓને કરોડો રૂપિયા ચૂકવાયા હતા : કિર્તી આઝાદ

**કોઈ સાથે દુશ્મનાવટ નથી પરંતુ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થાય તેમ તે ઈચ્છે છે અમિત શાહના સૂચનની અવગણના**



નવીદિલ્હી, તા.૨૦

ડીડીસીએને લઈને મામલો દિન પ્રતિદિન વધુ ગરમી પકડી રહ્યો છે. આ મામલે એએપી અને ભાજપ વચ્ચે ખેંચતાણ વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપના સાંસદ કિર્તી આઝાદે આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, દિલ્હી ક્રિકેટ એસોસિએશને એવા કામ માટે બોગસ કંપનીઓને કરોડો રૂપિયા આપી દીધા હતા જેનું કામ ક્યારે થયું નથી. બિહારના સાંસદે વિકિલિક્સ ઈન્ડિયાના વિડિયોને રજૂ કરીને દાવો કર્યો હતો કે, દિલ્હીના ફિરોઝશાહ કોટલા સ્ટેડિયમ ખાતે કામ માટે એવી કંપનીઓને ટેન્ડરો અપાયા હતા જેમના નામ ખોટા અને સરનામા પણ ખોટા હતા. વિકિલિક્સના વિડિયોમાં દાવો કરાયો હતો કે, ડીડીસીએ આડેધડરીતે સાધનો મેળવ્યા હતા. લેપટોપ માટે દિવસના ૧૬૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા જ્યારે દિવસ માટે ૩૦૦૦ રૂપિયા પ્રિન્ટર માટે અપાયા હતા. કિર્તી આઝાદે કહ્યું છે કે, કોઈની પણ સાથે કોઈ અંગત દુશ્મનાવટ નથી પરંતુ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થાય તેમ તેઓ ઈચ્છે છે. કિર્તી આઝાદે એમ પણ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખુબ મોટા ફેન તરીકે છે. ભ્રષ્ટાચાર સામેની તેમની લડાઈને પણ પસંદ કરે છે. કોઈની પણ સામે અંગત દ્વેષભાવ નથી.

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

# પોલીસ સ્થાનિક સમુદાય સાથે સંપર્ક બનાવે : મોદી

**કચ્છના ધોરડોમાં ત્રણ દિવસની ડીજી કોન્ફરન્સની પૂર્ણાહૂતિ : પ્રવર્તમાન સમયમાં પોલીસને નવી, ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ : સાઇબર સુરક્ષા, ડિજિટલ ટેકનોલોજી, સોશિયલ મિડિયા પર ચર્ચા**

અમદાવાદ, તા.૨૦

કચ્છના સફેદ રણ ગણાતા ધોરડોમાં ત્રણ દિવસ સુધી ચાલેલી રાષ્ટ્રીય સ્તરની ડીજી કોન્ફરન્સની આજે પૂર્ણાહૂતિ થઈ હતી. આજે ત્રીજા દિવસે બપોર બાદ કોન્ફરન્સની પૂર્ણાહૂતિ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી જવા રવાના થઈ ગયા હતા. મોદી ત્રણ દિવસ સુધી અહીં જ રોકાયા હતા અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. મોદીએ આજે ત્રીજા દિવસે પોલીસ મહાનિર્દેશકોના અધિવેશનને સંબોધન કર્યું હતું. મોદીએ અધિવેશન દરમિયાન અનુભવેલી ચર્ચાની ગુણવત્તા અને ઊંડાણ પ્રત્યે પસન્નતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે આ પોલીસ ફોર્સમાં રહેલી વ્યવસાયિક યોગ્યતા અને સમર્પણ દર્શાવે છે. તેમણે અધિનેશન દરમિયાન ઉભરી આવેલી ભલામણોના અમલીકરણ માટે એક સ્પષ્ટ રોડમેપ તૈયાર કરવા હાંકલ કરી હતી. વડાપ્રધાનએ કહ્યું કે ચર્ચા અને




મંતવ્યોમાં દેશભરના જુનિયર અને સીનીયર બંને અધિકારીઓ સામેલ હતા, જે નવો ચીલો ચાતરવામાં મદદ કરશે, અને આ એક ખુબ નોંધપાત્ર સિદ્ધિ છે. નરેન્દ્ર મોદી કહ્યું કે, સંવેદનશીલતા એ પોલીસ વિભાગનું એક મહત્વનું તત્વ છે અને એક એવું લવચીક સંસ્થાકીય માળખું બનાવવું જોઈએ જે પોલીસ દળને નાગરિકોને સંવેદનશીલતાથી સમજવામાં મદદરૂપ બને. તેમણે કહ્યું કે પોલીસ દળોએ આ માટે સ્થાનિક સમુદાયોમાં સંપર્કો બનાવવા જોઈએ. અને સંપર્કો સ્થાવાનો એક ઉત્તમ રસ્તો છે. સમુદાયમાં લોકોની સફળતાઓ અને ઉપલબ્ધિઓની ઉજવણી કરવી.તેમણે કહ્યું કે, જ્યારે લોકો તેમની સફળતાની ઉજવણી માટે પોલીસ સ્ટેશનની મુલાકાત લે છે. ત્યારે તેમણે પણ પોલીસ અધિકારીઓ દ્વારા કરાયેલા કામ પ્રત્યે આદર અને ઊંડી સમજ કેળવવી જોઈએ. તેમણે કહ્યું કે સમુદાયના લોકોએ પોલીસ સ્ટેશનો સાથે ઓળખ બનાવવી જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર




